ગાંધીનગર સમાચાર
તા. ૨૨-૧૨-૨૦૧૩, રવિવાર

તંત્રી સ્થાનેથી....

અડવાણી હજી મેદાનમાં છે

વિવિધ રાજકીય ઘટનાઓ અને અખબારોની હેડલાઈનો બનતી દુર્ઘટનાઓ વિશે પોતાની બેધડક કૉમેન્ટસ લખી બ્લૉગ પર જીવંત રહેતા ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીનાં આ પ્રકારનાં લખાણો ઘણીવાર વિવાદનો મધપૂડો છંછેડતાં રહ્યાં છે, પરંતુ એ લખાણોના સંગ્રહ 'દૃષ્ટિકોણ'નું લોકાર્પણ સંઘના વડા ભાગવતના હસ્તે થયું તે ઘટના ઘણી સૂચક છે. એમણે એકવાર ઝીણી નજરે ૨૦૧૪ની ચૂંટણીના પરિણામની આગાહી કરતો બ્લૉગ લખ્યો હતો, જે અખબારો અને ન્યૂઝ ચેનલોમાં ઘણો લાંબો વખત ચર્ચાતો રહ્યો હતો. એમણે એવી આગાહી કરી દધી હતી કે આગામી લોકસભામાં મુખ્ય બે રાષ્ટ્રીય પરિબળો સત્તા નહીં મેળવી શખે. પરિણામો એવાં વિચિત્ર આવશે કે ત્રીજો મોરચો કાં તો યુપીએ અથવા ઍનડીએના ટેકાથી સત્તા પર આવશે. આ પ્રકારનું રાજકીય તારણ ઘણા રાજકીય પંડિતોનું પણ છે, પરંતુ જ્યારે ઍનડીએના સર્વોચ્ચ નેતા પોતે જ ભાજપના ભાવિ વિશે અમંગળ આગાહી કરતા હોય ત્યારે દેખીતું છે કે શરૂથી જ અડવાણીને અવગણતા રહેલા સંઘના અગ્રણીઓને એ મુદ્દો આકરો લાગે. અડવાણી જ્યારે આવી નિરાશાજનક ભવિષ્યવાણી કરી રહ્યા ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી વડાપ્રધાનપદું પ્રાપ્ત કરવા ઘૂઘરા બાંધી રહ્યા હતા. એમણે ગુજરાત મોડલ આગળ ધરી સંઘના ધુરંધરોને વિશ્વાસમાં લઈ લીધા હતા. સંઘ પણ 'ભટકી ગયેલા' ભાજપને ફરી પાછો હિંદુત્વના જૂના કાર્યક્રમ પર પાછો આણવા માગતો હોઈ એને નરેન્દ્ર મોદીને આગળ ધરવાનું ગણતરીપૂર્વકનું જોખમ લેવામાં તકલીફ ન પડી. પરિણામે જે મનોવ્યથામાંથી આ વરિષ્ઠ નેતાને પસાર થવું પડયું તે જોઈને તો એમ જ લાગ્યા કરતું હતું કે અડવાણીનું રાજકીય જીવન પૂરું થઈ ગયું. હવે એમને ફક્ત માર્ગદર્શકની ભૂમિકામાં જ ધકેલી દેવાયા છે અને તેથી કદાચ તેઓ ચૂંટણી લડવાના કર્મકાંડમાં પણ નહીં પડે. જૈફ નેતાની નારાજગી ઉપરાંત ઉંમર પણ એવી ધારણા બાંધવામાં એક મહત્ત્વનું કારણ હતું. પરંતુ સમય જતાં હાંસિયે ધકેલાઈ ગયેલા અડવાણી ફરી પાછા સક્રિય થયા છે એટલું જ નહીં, તેઓ ફરી પાછા કેન્દ્રમાં આવી ગયા છે. પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીની ક્ષમતાનું માપ નીકળી ગયું છે. મધ્યપ્રદેશ અને છત્તીસગઢના મુખ્યમંત્રીઓએ અગાઉથી હાઈકમાંડને અને સંઘને કહી રાખ્યું હતું કે અમે અમારી તાકાત પર હેટ્રિક લગાવી શકીએ એમ છીએ. ઊલટાના, નરેન્દ્ર મોદીને કારણે અમને લઘુમતીનો જે ટેકો મળતો રહ્યો છે એમાં નુકસાન પડવાની શકયતા છે. અડવાણીએ આ મુદ્દો ઉછાળી પણ જોયેલો, પરંતુ સંઘની નેતાગીરી નિર્ણય કરી ચૂકી હતી. અડવાણીએ તો શિવરાજસિંહને મોદી કરતાં એક વેંત ઊંચેરા સ્થાપી બતાવ્યા હતા, એમણે મધ્યપ્રદેશ જેવા 'બીમારુ' રાજયને વિકાસના પંથે દોરીને ઈતિહાસ સજર્યો હોવાની વાત કરી હતી. અડવાણીનું આટલું ખુલ્લું સમર્થન હોવા છતાં શિવરાજસિંહને સંઘની નેતાગીરીએ ફક્ત એમનો પ્રદેશ સાચવી રાખવાનો આદેશ કર્યો હતો. અડવાણીની પાંખો કાતરી નાખ્યા પછી એમને ફરી પાછા રાજકીય રીતે સક્રિય બનાવવાનું ઘણું અઘરું હતું. પરંતુ સંઘના વડા મોહન ભાગવત કોઈપણ હિસાબે કેન્દ્રમાં ભાજપની સરકાર રચાય એમ ઈચ્છે છે. તેથી દિલ્હીમાં થયેલી ભાજપની ભવાઈ પછી એ નરેન્દ્ર મોદી નામના એક જ તરાપાથી વૈતરણી પાર થઈ શકશે નહીં, એવો મત ધરાવતા થયા હોય તો નવાઈ નહીં. નરેન્દ્ર મોદી સાથે મધુર સંબંધો ધરાવતાં તામિલનાડુનાં સામ્રાજ્ઞા પોતે પણ હવે વડાપ્રધાનપદની રેસમાં સામેલ થઈ ગયાં છે, વળી રાહુલ ગાંધીએ અણ્ણા હજારેની શુભેચ્છા અંકે કરી લીધી છે. એવા સંજોગોમાં કદાચ ખંડિત જનાદેશને પગલે ૨૭૨ના જાદુઈ આંકડાને આંબવા માટે નરેન્દ્ર મોદીનો પનો ટૂંકો પણ પડે. અડવાણીનો વિકલ્પ હાથવગો હોય તો સમય વર્તે સાવધાન કરી એમનું નામ આગળ ધરી દઈ એમના જૂના સાથીઓ શરદ યાદવ અને નીતીશકુમારને મનાવી લઈ શકાય. મોદીના નામ સાથે વાંધો ધરાવતાં માયાવતી અને મમતા કે ઓડિશાના બિજુ જનતાદળના નેતા નવીન પટનાયક અને તમિળનેતા એમ. કરુણાનિધિ પણ અડવાણીના હાથ નીચે કામ કરવા સહમત થઈ જાય બલકે ફારુક અબ્દુલ્લા અને મુલાયમસિંહ જેવા નેતાઓને પણ અડવાણીની સિનિયોરિટી સ્વીકાર્ય બની રહે.

આથી અડવાણીના પુસ્તકનું લોકાર્પણ કરતી વેળાએ સંઘના વડા મોહનસ ભાગવતે ખુલ્લી જાહેરાત કરી કે અડવાણીની ભાજપને હજી જરૂર છે. એમણે સક્રિય ભૂમિકા ભજવવાની તૈયારી રાખવી પડશે. તાબડતોબ તક ઝૂંટવી લઈ લાલજીએ પોતે પોતાની ચાલુ બેઠક ગાંધીનગર પરથી જ લોકસભાની ચૂંટણી લડવાની જાહેરાત કરી દીધી તે શું એમની રાજકીય મહેચ્છા હજી અકબંધ હોવાની એંધાણી નથી?

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા ક્રિએટીવ એક્ટિવીટી સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના શ્રી સમસ્ત બ્રહ્મસમાજના મહિલા પાંખ દ્વારા પરંપરાગત રીતે યોજાતા સમાજના સ્નેહમિલન સમારંભમાં ક્રિએટીવ એક્ટિવીટી કાર્યક્રમનું પણ આયોજન કરેલું છે આ સમારંભ તા. ૧૧મી જાન્યુઆરી ૨૦૧૪ શનિવારે બપોરે ૨ વાગે સેક્ટર-૧૬ના રંગમંચ સામે આવેલા 'બ્રહ્મભવન' ખાતે યોજાનાર છે.

કંઈક અલગ કરવાના અને મહિલાઓની સુષુપ્ત આવડતોને યોગ્ય માહોલ આપવાના પ્રયાસરૂપે બ્રહ્મ બહેનો દ્વારા વિવિધ હોબી જેવી કે પર્સ, ફલાવર, ઓર્નામેન્ટસ, પોટસ, બાંધણી અને અનેકવિધ સજાવટ અથવા ઉપયોગી વસ્તુઓ બનાવવા સ્પર્ધકને જણાવાયું છે. ક્રિએટીવ એક્ટિવીટીમાં ભાગ લેવા દરેક સ્પર્ધકે તા. ૧લી જાન્યુઆરી-૨૦૧૪ પહેલા સે-૬-બીમાં કુ. અંજના ગોર, સે-૨૩માં શ્રીમતી આશાબેન ભટ્ટ, સે-૫-એમાં શ્રીમતી જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય અથવા સે-૧૬માં આવેલ બ્રહ્મભવન માંથી કોઈપણ એક જગ્યાએ તેમના નામની નોંધણી કરાવવાની હેશે. તેમજ સમારંભના દિવસે નમૂનો ઘરેથી તૈયાર કરીને લાવવાનો રહેશે.

સર્વ વિદ્યાલય કેમ્પસ ખાતે 'રસોઈ શો'નું આયોજન

ગાંધીનગર, તા.૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વિવિધ શાળા કોલેજોમાં અભ્યાસ કર્તા વિદ્યાર્થીઓ અધ્યયન સાથે સર્વાંગી વિકાસ પ્રાપ્ત કરે તે માટે સંસ્થા દ્વારા અનેકવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. આગામી તા. ૨૪મી ડીસેમ્બર મંગળવારે સંસ્થાના સે-૨૩માં આવેલ કેમ્પ સ્થિત ગર્લ્સ હોસ્ટેલ કેમ્પસમાં સવારે ૧૦ થી ૧૨ વાગ્યા દરમિયાન 'રસોઈ શો'નું આયોજન કરવામાં આવેલ છે. વિદ્યાર્થીનીઓની રસોઈ કળાને પ્લેટફોર્મ આપી ઉત્તેજન આપવાના હેતુથી આયોજિત આ 'રસોઈ શો' સંસ્થાના ક્રિએટીવ ઝોન અને ગર્લ્સ હોસ્ટેલના સંયુક્ત ઉપક્રમે આયોજિત કરાયો છે.

સાદરા ખાતે પશ્ચિમ વિભાગની આંતર યુનિવર્સિટી મહિલા ખો - ખો સ્પર્ધાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૧

મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરા ખાતે આજથી પશ્ચિમ વિભાગની આંતર

યુનિવર્સીટી મહિલા ખો-ખો સ્પર્ધાનો આરંભ એસ.એ.આઈ - એન.એસ. ડબ્લ્યુ. સી, ગાંધીનગરના રીજીનલ ડાયરેકટર શ્રી આર. કે.નાયડુના હસ્તે કરાયો હતો. આ ખો-ખો સ્પર્ધા તા. ૨૧ થી ૨૪મી ડિસેમ્બર, ૨૦૧૩ દરમ્યાન યોજાશે. જેમાં ચાર રાજયની ૨૮ યુનિવર્સીટીની મહિલાઓની ટીમ ભાગ લેશે.

આ -સંગે એસ.એ.આઈ - એ ન.એ સ.ડબ્લ્યુ.સી, ગાંધીનગરના રીજીનલ ડાયરેકટર શ્રી આર. કે.નાયડુએ જણાવ્યું હતું કે, ખો-ખોની સ્પર્ધાના ખેલાડીમાં કોમ્યુનિકેશન સ્કીલ, ત્વરિત નિર્ણય શકિત અને સતર્કના ગુણો આવે છે. દરેક રમત સાથે સંકાળાયેલા ખેલાડીઓના જીવનમાં સિસ્તા આપો આપ આવે છે .તેમણે તમામ ખેલાડીઓને રમત ગમત સાથે સાથે અભ્યાસમાં પણ પૂરતું ધ્યાન આપવા ભારપૂર્વક જણાવ્યું હતું.

સ્પોટર્સ યુનિવર્સીટીના કુલપતિ શ્રી જતીનભાઈ સોનીએ જણાવ્યું હતું કે, સ્પોટર્સએ જીવન છે. એને મનભરીને જીવવું જોઈએ રમતમાં હાર કે જીત બન્ને માંથી એક નક્કી જ છે. પણ હારને હસતા હસતા સ્વીકારી લે તે જ સાચો ખેલાડી છે. હાર પછી પણ જીતનાર ખેલાડીને આત્માવિશ્વાસથી કહે કે હવે, પછી મારી જીત થશે, તે જ ખેલાડી રમતક્ષેત્રે પોતાનું નામ

શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરાના સંયોજક શ્રી ગે. જમનાદાસ સાવલિયાએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના અંતે આયોજન ચોક્કસ ઉજાગર કરે છે.

આ -સંગે ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદના કુલપતિ શ્રી ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાળી અને આયોજન સચિવ શ્રી ડૉ. ગીતાબેન પટેલે પોતાની આગવી શૈલીમાં -રેક ઉદ્બોધન કર્યું હતું.

આ -સંગે મહાદેવ દેસાઈ શારિરીક શિક્ષણ મહાવિદ્યાલય દ્વારા સ્મૃતિ ચિહ્ન આપવામાં આવ્યું હતું. વિવિધ ટીમના ખેલાડીઓ અને મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ અને શિક્ષકગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

સચિવ શ્રી ડૉ. ઉદાજી પરમારે આભાર વિદ્યી કરી હતી.

સમારંભના -રંભ વિવિધ યુનિવર્સીટીની મહિલા ખેલાડીઓની ટીમ દ્વારા માર્ચપાસ્ટ કરવામાં આવી હતી. તમામ ટીમના કોચશ્રીઓને યજમાન યુનિવર્સીટી મહાદેવ દેસાઈ

હરિની દૃષ્ટિ...

સાહેબ, આ રાત્રે ૭.૯ ડીગ્રી ઠંડીમાં બર્મુડા પહેરીને ફરતો હતો... એટલે પીધા વગરનો તો ન જ હોય ને સાહેબ...?

વણકર મહિલા સમાજનો જીવનસાથી પરિચય સંમેલન

ગાંધીનગર વણકર મહિલા ઉત્કર્ષ સેવા સમાજ દ્વારા દ્વિતીય જીવન સાથી પરિચય સંમેલન તા. ૧૯ જાન્યુઆરી, રવિવાર, ડૉ. આંબેડકર ભવન સે. ૧૨ ખાતે યોજવામાં આવશે. વણકર મહિલા ઉત્કર્ષ સેવા સમાજે સમાજના લગ્નોત્સુક યુવક-યુવતિઓની માહિતી મેળવી સમાજના લોકો સુધી પહોંચાડવાનું કામ કરે છે. જેમાં સમાજના લગ્નોત્સુક યુવક-યુવતિઓની માહિતી આપવા મહિલા સેવા સમાજ દ્વારા વિનમ્ર અપીલ કરવામાં આવી છે. બીજા જીવનસાથી પરિચય સંમેલનમાં નામ નોંધાવી તા. ૩૧ ડિસેમ્બર સુધી ૧૫૦ રૂ. ફી સાથે સંસ્થાના પ્રતિનિધિઓનો સંપર્ક કરવા જણાવ્યું છે.

ખેલ મહાકુંભનો ૨૩મીએ સમાપન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ેરક ઉપસ્થિતિમાં ખેલ મહાકુંભ-૨૦૧૩ના સમાપન સમારોહ તેમજ ઈનામ વિતરણ કાર્યક્રમ જે. ડી. નગરવાલા પોલીસ સ્ટેડીયમ, શાહીબાગ, અમદાવાદ ખાતે તા. ૨૩ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ સાંજે ૫.૦૦ કલાકે યોજાશે.

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ-૨૦૧૩ના આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, રમતગમત મંત્રી શ્રી રમણલાલ વોરા, શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કાયદા રાજ્ય મંત્રી શ્રી -દીપસિંહ જાડેજા, પાણી પુરવઠા રાજ્ય મંત્રી શ્રી નાનુભાઈ વાનાણી તથા અતિથિવિશેષપદે અમદાવાદના મેયર શ્રીમતી મીનાક્ષીબેન પટેલ, સાંસદ શ્રી હરીન પાઠક તેમજ ડૉ. કિરીટભાઈ સોલંકી ઉપસ્થિત રહેશે. આ -સંગે સ્પે. ઓલિમ્પિક ગુજરાતના -મુખ તથા ધારાસભ્ય શ્રી રાકેશભાઈ શાહ, મુખ્ય સચિવ ડૉ. વરેશ સિંહા, રમતગમત સચિવ શ્રી ભાગ્યેશ જ્હા સહિત વરિષ્ઠ અધિકારીઓ, રમતગમત ેમીઓ પણ ઉપસ્થિત રહેશે.

ખેલ મહાકુંભ-૨૦૧૩માં તીરંદાજી, એથ્લેટીકસ (દોડ, ફેંક, કૂદ), બાસ્કેટ બોલ, બેડમિંન્ટન, ચેસ, ફુટબોલ, હોકી, જુડો, કબડ્ડી, ખો-ખો, શુટીંગ, વોલીબોલ, સ્કેટીંગ, સ્વીમીંગ, ટેબલટેનીસ, રસ્સા ખેંચ, ટેનિસ સહિત અનેકવિધ રમતોનું રાજ્ય ભરમાં આયોજન થયું હતું. વિવિધ વર્ગના લોકો, યુવક-યુવતીઓ, વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ મોટા -માણમાં ભાગ લઈ સફળ બનાવ્યો છે.

'આપ' તો આ ગયે... કયાં 'બહાર' ભી આયેગી ?

આખોયે દેશ અને રાજકીય પાર્ટીઓ જેની આતુરતાપૂર્વક રાહ જોતા હતા એ ચાર રાજયો મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ અને દિલ્હીના ચુંટણી પરિણામો આવી ગયા. (આમ તો પાંચ પણ મિઝોરમ તો જાણે રેસમાં જ નહોતું). ૨૦૧૪ના લોકસભા ચુનાવ પહેલાનું ટ્રેલર ગણાતા આ પેટા ચુનાવમાં મધ્યપ્રદેશ અને રાજસ્થાનના પરિણામોનો વર્તારો અગાઉથી જ મળી ગયેલો ને એની પાછળનું કારણ હતું ત્યાની વર્તમાન સરકારો. મધ્યપ્રદેશમાં શિવરાજસિંહના સુશાશને એમને ફરી વાર જીતાડ્યા તો રાજસ્થાનમાં ગેહલોતના કુશાશને એમને ડુબાડ્યા. સરવાળે બંને રાજયોમાં ભાજપનો ઝળહળતો વિજય થયો. છત્તીસગઢમાં રમણસિંહના શ્રેષ્ઠ શાશન સામે માઓવાદી અને અજીત જોગીના મોરચાએ ટક્કર ઝીલી પણ પરિણામના દિવસે રોલર કોસ્ટર રાઈડની જેમ ઉચા-નીચા થતા સીટ્સના આકડાઓ વચ્ચે દિવસના અંતે રમણસિંહ ફરી વિજેતા થયા. આ ત્રણેય રાજયોના પરિણામો કોંગ્રેસ માટે કદાચ આચકાજનક હતા તો સામે છેડે ભાજપ માટે લગભગ ધાર્યા મુજબના હતા. ભાજપ અને એમના પ્રધાનમંત્રી પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની મહેનત અને કરિશ્મા આ ચુંટણીઓમાં દાવ પર લાગેલા હતા. આ ત્રણ રાજયોમાં એ સાંગોપાંગ પાર ઉતરી ગયા પણ સમગ્ર દેશને સૌથી વધુ ઈન્તેઝાર હતો દિલ્હીના પરિણામોનો.

છેલ્લા એક દસકાથી પણ વધુ સમયથી શાશન કરતી કોંગ્રેસ પાર્ટી અને શીલા દીક્ષિતના અણઘડ અને કૌભાંડિયા વહીવટનો બદલો લેવા ત્યાંની પ્રજા આતુર હોય એમ વારે વારે આવતા અહેવાલો પરથી સ્પષ્ટ જણાઈ આવતું હતું. દેશનું હૃદય ગણાતી દિલ્હીના નાગરીકો પારાવાર અગવડતાઓનો સામનો કરી રઝ્ઝા હતા. પાયાની જરૂરિયાતો પણ પૂરી પાડવામાં નિષ્ફળ ગયેલી શીલા સરકારના દિવસો ગણાઈ ગયા છે એવું માધ્યમો ગાઈ વગાડીને કહી રઝ્ઝા હતા. દિલ્હીમાં કોંગ્રેસની પ્રતિષ્ઠા દાવ પર હતી ને પ્રજાના ગુસ્સાને પોતાની તરફ વાળવામાં ભાજપ પુરજોશથી મહેનત કરી રઝ્ઝો હતો. શીલાની નાવ ડૂબવાના પુરા સંકેતો મળી રઝ્ઝા હતા ને યશવર્ધન જેવા સ્વચ્છ પ્રતિભા ધરાવતા મુખ્યપ્રધાનપદના ઉમેદવારના વડપણ નીચે ભાજપ સત્તા હાસિલ કરવાની તૈયારીઓ કરી રઝ્ઝો હતો. પણ કહાનીમાં ટ્વીસ્ટ તો હવે જ આવવાની હતી!!!

લોકપાલ આંદોલનથી ચર્ચામાં અને પ્રકાશમાં આવેલા અરવિંદ કેજરીવાલની નવનિર્મિત પાર્ટી 'આપ' (આમ આદમી પાર્ટી)એ દિલ્હીની ચુંટણીમાં જંપલાવ્યું. શીલા વિરોધી જુવાળને પારખતાં આપ પાર્ટીએ લોકો વચ્ચે જઈને લોકોમાંથી ઉમેદવારો પસંદ કર્યા. લોકોની મુશ્કેલીઓ જાણી અને જો તેઓ સત્તામાં આવશે તો લોકો દ્વારા રજુ થયેલી મુશ્કેલીઓને હલ કરવામાં પ્રાથમિકતા આપશે, એવો પ્રજામાં સંદેશો વહેતો મુક્યો. શીલાના શાસનનો વિકલ્પ શોધતા મતદારોએ ભાજપની સાથે સાથે આપ તરફ પણ નજર દોડાવવાનું શરુ કર્યું . ધીરેધીરે પણ મક્કમતાથી આપનો દિલ્હીના રાજકારણમાં ઉદય થતો ગયો.

આમ તો દિલ્હીની જનતાને અરવિંદ કેજરીવાલ, કુમાર વિશ્વાસ, મનીષ સિસોદિયા, યોગેન્દ્ર કે બીજા લોકોનો પરિચય બહુ જુનો હતો જ. સમાજસેવી અન્ના હઝારેની જનલોકપાલ બીલની લડત માટેના આ બધા સારથીઓ હતા. હતા એટલા માટે કે હવે અન્ના અલગ છે ને અરવિંદ એન્ડ પાર્ટી અલગ. છેલ્લા બે વર્ષોથી જનલોક્પાલના લગભગ બધા જ કાર્યક્રમોને વિરોધો, ધરણાઓથી લઈને પ્લાનિંગ જેવી મહત્વની બાબતોનો આ લોકોએ સંચાર કરેલો. જનલોક્પાલ આંદોલન વખતે પડેલી મુશ્કેલીઓ અને નિભર અને નફ્ફટ રાજકારણીઓની પ્રપંચલીલાથી અરવિંદને થયું કે આ ભ્રષ્ટ સીસ્ટમનો મુકાબલો રાજકારણમાં આવ્યા સિવાય નહિ કરી શકાય. ગુરુ અન્ના અને કિરણ બેદીથી ઉપરવટ જઈને અરવિંદે બનાવી 'આપ' અને ઉતર્યા દિલ્હીના ચુંટણી મેદાનમાં. ઓ.કે. ગુરુ - ચેલાની લડાઈ અને મતભેદ ઉપર અલગથી લખી શકાય એમ છે પણ એને અવગણીને આગળ વધીએ તો ૮મી ડિસેમ્બરે દિલ્હીની મતપેટીઓ ખુલતા જ દેશની જનતા સહીત લગભગ બધી રાજકીય પાર્ટીઓની આખો ચાર થઇ ગઈ.

૩૨ બેઠકો સાથે ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી અને અપેક્ષા મુજબ જ કોંગ્રેસનો રકાસ થયો અને ફક્ત ૮ સીટો સાથે એમને સંતોષ માનવો પડ્યો પણ સૌથી વધુ આચકો આપ્યો આમ આદમી પાર્ટીએ. આપે ૨૮ સીટ્સ સાથે ભાજપ પછી બીજું સ્થાન મેળવ્યું. કમભાગ્યે કોઈ પણ પક્ષને બહુમતીના મળતા ત્રિશંકુ સ્થિતિનું નિર્માણ થયું. પછી જે થયું એ તો બધા જાણે જ છે. વિધાનસભ્યો તોડવાના આરોપો , કોંગ્રેસનો આપને સરકાર રચવા બિનશરતી ટેકો, ભાજપનો સૌથી મોટી પાર્ટી હોવા છતાં સરકાર રચવાનો નનૈયો, દિલ્હીમાં રાજયપાલના શાસનની શક્યતા. દસેક દિવસના ડેડલોક પછી આમ પાર્ટીએ જનતાનો મત જાણવાનો નિર્ણય કર્યો. સરકાર રચવી જોઈએ કે નહિ એવા મુદ્દા પર દિલ્હીના ૨૫ લાખ લોકોનો અભિપ્રાય વિવિધ રીતે જાણવાનો પ્રયાસ અત્યારે ચાલુ છે. પ્રજાની ઈચ્છા મુજબ સરકાર રચવાનો નિર્ણય આપ પાર્ટી લેશે. જો કે આ લખાય છે ત્યારે (શુક્રવારે) મળતા અહેવાલો મુજબ આપ કોંગ્રેસનો ટેકો લઈને સરકાર રચવાની સોમવારે જાહેરાત કરી શકે છે. જો આમ થશે તો દેશમાં કદાચ પહેલી વાર કોઈ સરકાર પ્રજાને પૂછીને બનાવવામાં આવશે.

ફક્ત એકાદ વર્ષ જૂની જ પાર્ટી આપને મળેલી ઝળહળતી સફળતા અને પ્રચંડ જનસમર્થનથી દેશની વર્ષો જૂની પાર્ટીઓ સફાળી ઊંઘમાંથી જાગી ગઈ છે. આવનારી લોકસભા ચુંટણીઓમાં આપ ક્યા ક્યા નડી શકે છે એનો ગંભીરતાપૂર્વક વિચારને મંથન ચાલી રઝ્ઝું છે. આપ અને અરવિંદ કેજરીવાલના નેતૃત્વને મળેલી આ સફળતા રાતોરાતની નથી. ઈ.સ.૧૯૯૯થી અનેકવિધ નાગરિક આંદોલનો, જનઅભિયાનો અને સમાજસેવા સાથે જોડાયેલા કેજરીવાલે ગયા નવેમ્બરમાં જ અન્નાથી છુટા થઈને આપની રચના કરેલી. આપની મોટા ભાગની પ્રવૃત્તિનું મંથન દિલ્હી જ રઝ્ઝું છે. અન્નાના આંદોલન વખતે પણ અને એ પછી પણ. દિલ્હીમાં થયેલા નિર્ભયા સામુહિક બલાત્કાર પ્રકરણ વખતે અરવિંદ કેજરીવાલ અને આપને પ્રજાની વધુ નજીક જવાનો મોકો મળ્યો. પછી તો દિલ્હીવાસીઓની પાણીની સમસ્યા, રેશનકાર્ડની સમસ્યા, વીજળીના અસઝ્ઝા ભાવ વધારાની સમસ્યા, શીલાનો ભ્રષ્ટાચાર જેવા એક પછી એક આંદોલનો દ્વારા અરવિંદે દિલ્હીના સામાન્યમાં સામાન્ય નાગરિકને પોતાની સાથે જોડવાનું કામ કર્યું. અને પછી જે છે એ ઈતિહાસ છે. સામાન્ય વર્ગ અને મધ્યમવર્ગની આશાભરી નજરથી ઉચકાયને આજે આમ પાર્ટી એક આગવા સ્થાને પહોચી ગઈ છે. પોતાનો દૃઢ સંકલ્પ, અદભુત નિર્ણય શક્તિ, જોરદાર નીડરતા જેવા ગુણો અને સતત સાથે જ રહેતા સહાયકોની મદદથી કેજરીવાલે રંકે કી ચોટ પર રાજકારણીઓને બતાવ્યું કે પ્રજાનું ભલું કરવામાં

રઝળપાટ

- અજય ઉપાધ્યાય

- akurjt@gmail.com

નાણા કે સત્તા જ હોવી જરૂરી નથી.

દિલ્હીની ગાદી પર આપ સરકાર બનાવે કે નહિ એ કરતા પણ દેશના કાટલાંછાપ નેતાઓ અને પાર્ટીઓની ઊંઘ હરામ કરી નાખી છે એ ચોક્કસ છે. પરંપરાગત અભિગમ ધરાવતા નેતાઓને એમણે જનભાગીદારી એટલે શું અને એની તાકાત શું છે એનો પરચો આપી દીધો છે. દેશની મહત્વની પાર્ટીઓ આપના આ હુમલાની અસરો આવનારી લોકસભાની ચુંટણીમાં તો નહિ થાય ને એનો ક્યાસ કાઢવામાં પડી છે. જો કે કેજરીવાલે જાહેર કર્યું છે કે લોકસભાની ચુંટણી પહેલા ખુબ ઓછો સમય હોવાથી એમની પાર્ટી સમગ્ર દેશમાં રાષ્ટ્રીય પાર્ટી તરીકે લોકસભા ચુંટણીમાં પહોચી વળવા અસમર્થ છે. છતાં પણ જો અને તો અમુક ચુનંદા રાજયોમાં પણ આપ દિલ્હીવાળી કરે તો અનેક સ્થાપિત પાર્ટીઓના ગણિત બગડી શકે છે. આપનો આ સંભવિત હુમલો ખાળવાની અત્યારથી કોશિશ થઈ રહી છે .

દિલ્હીમાં કોંગ્રેસે આપને આપેલો બિનશરતી ટેકો કદાચ આ રણનીતિનો જ એક ભાગ હોય એમ લાગે છે. ચુંટણી પ્રચાર દરમ્યાન કેજરીવાલ અને આપે પ્રજાને અનેક વચનોની લ્હાણી કરી છે. આ વચનોમાંથી અમુક જોઈએ તો વીજળીના બીલમાં ૫૦ ટકાની કપાત જે પ્રેકટીકલી અને આર્થિક રીતે પણ ખુબ જ અઘરુ કામ છે. એ જ રીતે ઘર દીઠ ૭૦૦ લીટર પાણી મફત આપવું એ પણ આર્થિક રીતે અને વહીવટી રીતે પણ જોવા જાવ તો અઘરું છે. દિલ્હીની ગેરકાનૂની કોલોનીઓને રેગ્યુલાઈઝડ કરવાનું કામ પણ ઘણું મુશ્કેલ છે. પાણી કે વીજળી જેવા વચનો પુરા કરવા માટે સબસીડીની જરૂર પડે અથવા તો એની વિપરીત અસર બઝેટમાં પડી શકે છે અને આપણે જાણીએ છીએ તેમ સરવાળે બજેટનો ભાર તો પ્રજાની કેડે જ પડવાનો છે. અને જો પ્રજા પર આ બોજો નાખવો પડે તો બહુ જલ્દીથી પ્રજા અકળાઈ જાશે એ પણ નક્કી છે અને બીજી મહત્વની વાત એ છે કે એમણે જનતાને વચન આપ્યું છે કે ફક્ત ચાર જ મહિનામાં તેઓ એમણે આપેલા વાયદાઓ પુરા કરી બતાવશે. આપણે સૌ જાણીએ છીએ કે વાયદા આપવા અને અમલ કરવો એ બંને વચ્ચે આભ જમીન જેટલું અંતર છે. માની લઈએ કે કેજરીવાલ અને સાથીઓ પાસે એવી કોઈ જાદુઈ ચાવી હશે કે જેનાથી આમ થઈ શકે પરંતુ એ એટલું જલ્દી થઈ જશે જ એવું માનવું પાગલપન છે. ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષો એમ માને છે કે આમાંના અમુક વચનો પુરા કરવા અશક્ય છે અને જો એમ થાય તો સરવાળે આપ ને જ નુકશાન જઈ શકે એમ છે કદાચ એટલે જ બન્ને પાર્ટીએ આપને સત્તા રૂપી કાદવમાં ફસાવી દેવાનો પ્લાન ઘડ્યો હોય એવું લાગે છે.

એમાં કોઈ શંકાને સ્થાન નથી કે કેજરીવાલ એન્ડ કું. એ ભારતીય રાજનીતિમાં એક નવો અધ્યાય લખ્યો છે. લોકોને પોતાની સાથે જોડીને આગળ વધવાની અને લોકોની લડતમાં લોકોને આટલી સુંદર રીતે સામેલ કરવાની આ રીત ભારતીય રાજકારણમાં ચોક્કસપણે નવીન છે જ એમાં બે મત નથી પરંતુ કેજરીવાલ અને એમના જોડીદારોએ દિલ્હીના પરીણામો પછી જે રીતે અનિર્ણાયક અને કૈક અંશે આપખુદ કહી શકાય એવું વર્તન કર્યું એના પરથી એવી શંકા જાગવી સ્વાભાવિક છે કે ક્યાંક આજે નહિ તો કાલે આપ પણ બીજી પાર્ટીઓના ચીલે તો નહી ચાલે ને? સીધીને સટ લાગતી વાત એ છે કે દિલ્હીની જનતાએ એમને પોતાના ગણીને ચૂટેલા છે, એમણે સત્તામાં રહી ને કે સત્તા બહાર રહીને પણ પ્રજાને એમણે આપેલા વાયદાઓ પુરા કરવાનું વચન આપ્યું છે ત્યારે કોની સાથે ભાગીદારી કરવી કે ભાગીદારીમાં શરતો મુકવી એવી હરકતો એમને મળેલા મૂળ જનાદેશથી વિપરીત જતી દેખાઈ રહેલ છે. કોંગ્રેસ બિનશરતી ટેકો આપવા તૈયાર થઈ હોવા છતાં એક તબક્કે ફેર ચુંટણીની વાત કરવીએ આપના ચુંટણી સમયે જનતાને આપેલા વાયદાઓથી વિપરીત દેખાઈ આવે છે. અન્નાએ નવેસરથી શરુ કરેલા લોકપાલના ઉપવાસ આંદોલનને મળેલી સફળતા વખતે કુમાર વિશ્વાસ જેવાના બયાનો અમુક અંશે અભિમાની કે આપખુદ વલણની ચાડી ખાય છે. સરકાર રચવામાં કરાતી દેરીએ વાતનો પણ સંકેત છે કે આપ પોતે જ સરકારની સફળતા વિષે ચોક્કસ નથી અથવા તો સરકાર ચલાવી શકાશે કે નહિ એ બાબતે એકમત નથી.

આપના નેતાઓમાં ઘમંડ અને આપખુદશાહી વલણનો ચમકારો દેખાય છે. અન્નાના આંદોલનથ